કલાગુર્જરી ભાવનગરના ઉપક્રમે

# ભાવેણાના કલાકારો ગાંધીધામ ખાતે રાસ-ગરબાની રમઝટ બોલાવશે

ભાવનગર,તા.૨૭

આ શહેરની કલાપ્રવૃત્તિને ધમધમતી રાખવામાં કાર્યરત અગ્રણી કલાસંસ્થા કલાગુર્જરી ભાવનગર દ્વારા આગામી તા.૨૯ ડિસેમ્બરના રોજ ભાવેણાના ૬૦ કલાકારોને સમાવિષ્ટ કરતો વિશિષ્ટ કાર્યક્રમ 'નૃત્યોત્સવ' ગાંધીધામના આંગણે યોજાશે.

કલાગુર્જરી સંસ્થાની યાદીમાં જણાવ્યા મુજબ ગાંધીધામ સ્થિત રોટરી ક્લબને પચાસ વર્ષ પુરા થતા સંસ્થા દ્વારા તા.૨૮ થી ૩૦ ડિસેમ્બર દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. જેમાં તા.૨૮ ડિસેમ્બરે . ગાંધીધામ (કચ્છ)ના કલાકારો દ્વારા કચ્છી નૃત્ય તથા તા.૨૯ના રોજ શનિવારે કલાગુર્જરી-ભાવેણાના કલાકારો ગાંધીધામ ખાતે રાસ-ગરબાની રમઝટ બોલાવશે. આ કાર્યક્રમમાં મહેન્દ્ર ભડીયાદ્રા સંચાલિત એક્ટીવ કલાવૃંદ તા.૨૦, ડો.આશીષ ઝાલા સંચાલિત આવિષ્કાર કલાવૃંદના ૧૨ તથા ડો.નિપા ઠક્કર ગ્રુપના ૧૨ કલાકારો દ્વારા રાસ-ગરબા તથા વિવિધ ઉપશાસ્ત્રીય તથા લોકનૃત્યની કૃતિઓની રજૂઆત કરવામાં આવશે જેમાં ત્રિવેદી સ્તુતિ, અર્વાચીન ગરબો, રાંદલનો ઘોડો, ખળાવડ, મિશ્રરામ, ઠુમરી અને હૂડોની પ્રસ્તુતિ થશે.

આ સમગ્ર કાર્યક્રમમાં ભાવના મહેતા, રચના રાજ્યગુરૂ અને રાજેશ બારોટના સ્વર સાથે શહેરની નવયુવાન સંગીત બેલડી નિરવ-જવલંતના સંગીત સંચાલનમાં સુરીલી પ્રસ્તુતિ થશે. સમગ્ર કાર્યક્રમને સુસજ્જ તથા સફળ બનાવવા કલાગુર્જરી સંસ્થાના પ્રતિનિધિ અને ચીફ ઈવેન્ટ કો-ઓર્ડિનેટર મિતુલ રાવલ તથા સંસ્થાના સભ્ય અતુલ દવે, સુનિલ પંડ્યા તથા ભાવેશ બારૈયાએ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

---

ભાવ.લોજ થીઓસોફીકલ સોસાયટી દ્વારા

# સૂરીલી સાંજ અંતર્ગત આજે ડો. નીપા ઠક્કર અને અર્ચિતા મહેતાનો કથ્થક નૃત્ય કાર્યક્રમ



ભાવનગર, તા. ૨૬

થીઓસોફિકલ લોજના ઉપક્રમે દર મહિને યોજાતા લોકપ્રિય કાર્યક્રમ 'સૂરીલી સાંજ'ના સૂવર્ણ જયંતિ પ્રસંગે મહોત્સવના ભાગરૂપે આજે શનિવારે પ્રથમ દિવસે યશવંતરાય નાટ્યગૃહમાં 'નાદ-નર્તન-આવર્તન' રજૂ થશે. અંબરીશ મહેતાના તબલા અને શ્રીમતિ ગોપા ચક્રવર્તીના સ્વર તથા કુ. ઉજ્જ્વા દિક્ષીતના પઠનને સથવારે ભાવનગરના જાણીતા નૃત્ય કલાકારો ડો. કુ. નીપા ઠક્કર અને કુ. અર્ચિતા મહેતા શાસ્ત્રીય કથ્થક નૃત્ય રજૂ કરશે.

રાત્રે ૯ કલાકે યોજનારા આ કાર્યક્રમને માણવા રસ ધરાવનારા સર્વેને થીયોસોફિકલ લોજના પ્રમુખ શ્રી હરકિશનભાઈ શાહ તરફથી જાહેર નિમંત્રણ પાઠવાયું છે.

## મેડિકલ કોલેજ વર્ગ-૪ના પ્રશ્ને યોગ્ય પગલાં લેવા માંગ

ભાવનગર, તા.૨૬

ભાવનગર મેડિકલ કોલેજના વર્ગ-૪ના કામદાર કે જેઓ પટ્ટાવાળા તરીકે

ડેપ્યુટી મામલતદારની

## શિક્ષકા પત્નિ ઉપર સ્કુલમાં બનેવીએ હીચકારો હુમલો કર્યો